# કોવિડ-19 ધરાવતી વ્યક્તિની ઘર પર કેવી રીતે સંભાળ લેવી

જાહેર આરોગ્ય તથ્યપત્રિકા
જૂન 2021

Manitoba

**કોવિડ-19 દ્વારા બિમાર પડતા મોટાભાગનાં લોકોને હળવા લક્ષણો હશે અને ઘર પર સાજા થવા જોઇએ. ઘર પર સંભાળ લેવાથી કોવિડ-19 ફેલાતો અટકાવવામાં મદદ કરી શકે છે. જો તમે કોવિડ-19 નું નિદાન થયું હોય તેવી વ્યક્તિની સંભાળ લઇ રહ્યા હોવ, અથવા તેની સાથે રહેતા હોવ અને તે ઘર પર સાજા થવા પૂરતા સારા હોય, તો તમારું પોતાનું અને ઘરમાં અન્ય લોકોનું, તથા તમારા સમુદાયનાં લોકોનું રક્ષણ કરવા માટે આ માર્ગદર્શિકાનું પાલન કરો.**

**ઘરે રહીને કોવિડ-19 દર્દીની સારવાર કરવાના સંજોગોમાં તમારે કુલ 24 દિવસ સુધી આઇસોલેટ/સેલ્ફ-આઇસોલેટ થવું જરૂરી છે. જો આ શક્ય નથી તો કોવિડ-19 ના દર્દીએ વૈકલ્પિક આઇસોલેશન વિકલ્પો અંગે તેમના જાહેર સ્વાસ્થ્ય નર્સ સાથે વાત કરવાની રહેશે.**

## હું ઘર પર મારા પરિવારનાં સભ્યો અથવા સહવાસીને કેવી રીતે સહાયતા કરી શકું છું?

કોવિડ-19 ધરાવતી વ્યક્તિએ સેલ્ફ-આઇસોલેટ થવું અનિવાર્ય છે. આનો અર્થ એ થાય છે કે તેઓ તાત્કાલિક અથવા આપાત્તકાલિન તબીબી સંભાળની જરૂર ન હોય તો તેઓનું ઘર છોડી શકતા નથી. તેઓએ પાલતુ પ્રાણીઓ સહિત ઘરમાં તમામ વ્યક્તિઓથી આઇસોલેટ થવાની જરૂર પડે છે. જો શક્ય હોય, તેઓએ અલાયદા ઓરડામાં અથવા અલાયદા ફ્લોર પર રહેવું જોઇએ અને તેઓનાં પોતાનાં બાથરૂમનો ઉપયોગ કરવો જોઇએ. જો વ્યક્તિએ બાથરૂમ શેર કરવાની જરૂર પડે, તો ખુબ જ સ્પર્શ કરવામાં આવતો હોય તેવી સપાટીઓ નિયમિત ડિસઇન્ફેક્ટ કરો (દા.ત. ટોઇલેટ, ફોસેટ, નળ, દરવાજાનાં હેન્ડલ, લાઇટની સ્વિચ વગેરે).

કોવિડ-19 ધરાવતા વ્યક્તિને માત્ર એક વ્યક્તિએ સંભાળ પ્રદાન કરવી જોઇએ. ઉંચા જોખમ પર રહેલા લોકોએ બિમાર વ્યક્તિની કાળજી લેવાનું કે તેનાં નજીકનાં સંપર્કમાં આવવાનું ટાળવું જોઇએ.

આમાં 60 વર્ષ કે તેનાંથી વધારે વયનાં લોકો, નબળુ રોગ પ્રતિકારક તંત્ર ધરાવતા લોકો અથવા આંતરિક આરોગ્યની સમસ્યાઓ ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. ઘરમાં કોવિડ-19 નો સંભવિત ફેલાવો અટકાવવા માટે, બિમાર વ્યક્તિ માટે અથવા કોવિડ-19 થી ગંભિર જટિલતાઓનાં ઉંચા જોખમ પર હોઇ શકે તેવા ઘરનાં સભ્ય માટે વૈકલ્પિક રહેઠાણ શોધવામાં સહાય કરી શકે છે. વધુ માહિતી માટે, કોવિડ-19 ધરાવતી વ્યક્તિએ તેઓનાં જાહેર આરોગ્ય અધિકારી સાથે વાત કરવી જોઇએ, અથવા હેલ્થ લિંક્સ – ઇન્ફો સાન્ટેનો સંપર્ક કરવો જોઇએ (**204-788-8200** અથવા **1-888-315-9257**).

જાહેર આરોગ્ય અધિકારીઓ કોવિડ-19 ધરાવતી વ્યક્તિનું તાપમાન, લક્ષણો, સુખાકારીની આકારણી કરવા અને કોઇપણ પ્રશ્નો અથવા ચિંતાઓનો પ્રતિભાવ આપવા માટે નિયમિત રીતે તેઓનો સંપર્ક કરશે. કોવિડ-19 ધરાવતી વ્યક્તિએ તેનાં લક્ષણો શરૂ થયા પછી ઓછામાં ઓછા 10 દિવસ સુધી અને 24 કલાક લક્ષણો વગરનાં થાય ત્યાં સુધી આઇસોલેટ રહેવાનું ચાલું રાખવું જોઇએ. તેઓ ઓઇસોલેટ રહેવાનું ક્યારે બંધ કરી શકે તે અંગે જાહેર આરોગ્ય અધિકારી તેઓને કહેશે. સેલ્ફ-આઇસોલેશન બંધ કરી શકાય તેવી સલાહ આપવામાં આવે ત્યાં સુધી આ સમગ્ર સમયગાળા માટે સાવચેતીઓ યથાસ્થાને રહેવી જોઇએ.

નોંધ લેશો કે પ્રાંતિય આરોગ્ય ઓથોરિટી, પબ્લિક હેલ્થ કોવિડ-19 કોન્ટેક્ટ સેન્ટર, કેનેડિયન રેડ ક્રોસ, 24/7 ઇન ટચ અથવા અન્ય પાર્ટનરો તરફથી સંપર્ક કરવામાં આવી શકે છે. ઓટોમેટેડ કૉલ સીસ્ટમ અથવા એસએમએસ ટેક્સ્ટ સંદેશાઓ દ્વારા પણ વ્યક્તિઓનો સંપર્ક કરવામાં આવી શકે છે. ઓટોમેટેડ કૉલ્સ ટેસ્ટિંગનાં સમયે પ્રદાન કરવામાં આવેલા નંબર પર કરવામાં આવશે અને સવારે 9:00 વાગ્યા અને સાંજનાં 8:00 વાગ્યા વચ્ચે સપ્તાહમાં સાત દિવસ થશે, તેઓને મેળવવા માટે, તેઓનાં ફોન પર કોઇપણ અજ્ઞાત કૉસ-બ્લોકિંગ સેટિંગ્સ બંધ કરવા અનિવાર્ય છે. વ્યક્તિઓ તેઓ લક્ષણો વગરનાં બને ત્યાં સુધી અને તેઓને કેસ બંધ કરવામાં આવે ત્યાં સુધી નિયમિત કૉલ્સ મેળવવાનું ચાલું રાખશે. ઓટો-ડાયલર કૉલ્સ, એસએમએસ ટેક્સ્ટ સંદેશાઓ અને ગોપનિયતાની બાબતો સહિત કેસ અને સંપર્ક વ્યવસ્થાપન પર વધુ માહિતી [manitoba.ca/covid19/testing/monitoring/index.html](manitoba.ca/covid19/testing/monitoring/index.html) પર શોધી શકાય છે.

જો કોવિડ-19 ધરાવતી વ્યક્તિને વધારે ખરાબ લાગવાનું શરૂ થાય અથવા શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય, તો કૉલ કરો: હેલ્થ લિંક્સ – ઇન્ફો સાન્ટે (**204-788-8200** અથવા **1-888-315-9257**). તમને તબીબી આકારણીની જરૂર છે કે નહીં તે નક્કી કરવામાં એક નર્સ તમને સહાય કરશે.

જો કોવિડ-19 ના દર્દીને નીચેનામાંથી કોઈ લક્ષણો જણાય તો:

- નવો અથવા વકરતો જતો છાતીનો દુ:ખાવો
- શ્વાસ લેવામાં મુશ્કેલી
- હોઠ અથવા ચહેરો ભૂખરો થઈ જવો
- એકદમ ગભરામણ થવી
- સ્ટ્રોકના લક્ષણો જેમ કે હાથ-પગમાં નબળાઈ, ખાલી ચડવી, બોલવામાં થોથવાવું અથવા ચહેરો નમી પડવો
- 911 પર કોલ કરો

તેઓને જરૂરી સંભાળ મેળવવા વહેલા તબીબી ધ્યાન મેળવવું મહત્વપૂર્ણ છે.

## કોવિડ-19 ધરાવતી કોઇ વ્યક્તિનાં સંભાળ આપનારા તરીકે, હું બિમાર થવાનાં મારા જોખમને કઇ રીતે ઓછું કરી શકું છું?

કોવિડ-19ની સંપૂર્ણ રસી લેવાથી બિમારીનું જોખમ નોંધપાત્ર રીતે ઓછું કરી શકાય છે. જો શક્ય હોય તો સારવાર કરનારે પણ રસી લઈ લેવી જોઈએ.

તમે સંભાળ લઇ રહ્યા હોવ તેવી વ્યક્તિ તેની મોટાભાગની સંભાળ લઇ શકવા સમર્થ હોવી જોઇએ (જુઓ તથ્યપત્રિકા – લક્ષણોવાળા ન અને/અથવા કોવિડ-19 તપાસની રાહ જોઇ રહેલા વ્યક્તિઓ માટે આઇસોલેશન); જોકે, તે વ્યક્તિને સમયાંતરે મદદની જરૂર પડી શકતી હોય. સંભાળ આપનાર તરીકે, તમે આમ કરીને તમારું રક્ષણ કરી શકો છો:

- તમારા હાથ અવારનવાર ધોવા. ઓછામાં ઓછી 15 મિનીટ સુધી સાબુ અને હુંફાળા પાણીથી ધુઓ અને સારી રીતે તમારા હાથ સુકા કરો. તમે આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો પણ ઉપયોગ કરી શકો છો.

- શરીરનાં પ્રવાહીઓ સાથે સીધો સંપર્ક ટાળવો, ખાસ કરીને સ્ત્રાવો જે મુખ અને નાકમાંથી બહાર આવતા હોય જેમ કે લાળ, ઉધરસ અને છીંક.

- યોગ્ય વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો પહેરવા.

- જો તમારે બિમાર વ્યક્તિથી બે મીટર (છ ફૂટ) અંદર રહેવાની જરૂર પડે, તો તમાર બન્નેએ મેડિકલ માસ્ક પહેરવા જોઇએ. સંભાળ આપનારે આંખનુ રક્ષણ પણ પહેરવું જોઇએ (ચશ્મા પૂરતું રક્ષણ આપતા નથી). બિમાર વ્યક્તિ સાથે સંપર્કમાં આવ્યા બાદ તમારા હાથ ધુઓ.
- તેઓનાં શરીરનાં પ્રવાહીઓ (દા.ત. લાળ, શ્લેષ્મ, ઉલ્ટી, પેશાબ, મળ) સાથે તમને સંપર્કમાં લાવે તેવી સંભાળ પ્રદાન કરતી વખતે ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝ, મેડિકલ માસ્ક અને આંખનું રક્ષણ પહેરો.

· સુરક્ષિત રીતે રક્ષણાત્મક સાધનોનો ઉપયોગ કરવો.

- 2 વર્ષથી ઓછી વયનાં બાળકો પર, જે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય અથવા અથવા મદદ વગર માસ્ક દૂર ન કરી શકતી હોય તેવી વ્યક્તિઓ પર ફેસ માસ્ક રાખવા ન જોઇએ.
- **જ્યારે સુરક્ષાત્મક સાધનો પહેરતા હોવ,** ત્યારે તમારે પ્રથમ તમારા હાથ ધોવા જોઇએ અથવા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો (ઓછામાં ઓછા 60 ટકા આલ્કોહોલ) ઉપયોગ કરવો જોઇએ.
- પ્રથમ માસ્કને તમારા કાન ફરતે બાંધીને અથવા તેને તમારા મસ્તક ફરતે બાંધીને પહેરો; પછી તેને તમારા નાકની બન્ને બાજુ પર દબાવીને તમારી હડપચી નીચે ખેંચીને બંધબેસતું કરો. ત્યારબાદ તમારું આંખનું રક્ષણ અને ગ્લોવ્ઝ પહેરો.
- **રક્ષણાત્મક સાધનો દૂર કરતી વખતે,** તમારા ગ્લોવ્ઝ દૂર કરો, તમારા હાથ ધુઓ, પછી તમારું રક્ષણાત્મક સાધન દૂર કરો અને છેલ્લે, તમારું માસ્ક દૂર કરો. ફરીથી તમારા હાથ સ્વચ્છ કરો.
- તમામ સંપર્ક બાદ તમારા હાથ સારી રીતે સ્વચ્છ કરો.

· કોવિડ-19 ધરાવતી વ્યક્તિનાં કચરાને કાળજીપૂર્વક હાથ ધરવો.

- કચરો (દા.ત. ટિશ્યૂ, ઉપયોગમાં લીધેલું માસ્ક, વગેરે.) પ્લાસ્ટિકની બેગ રાખેલી કચરા પેટીમાં ફેંકવો જોઇએ.
- કચરો ફેંકવા માટે, કચરાની બેગ બાંધી દો અને ઘરનાં અન્ય કચરા સાથે નિકાલ કરો. તમારા ચહેરા કે કચરાનો સીધો સ્પર્શ નહીં કરવાનો પ્રયાસ કરો.

· ઘરનાં કચરાને હાથ ધર્યા બાદ તમારા હાથ ધુઓ અથવા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરો.

- બિમાર વ્યક્તિનાં મેલા કપડા હાથ ધરતી વખતે ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝ અને મેડિકલ માસ્ક પહેરો.
- મેલા કપડાને લોન્ડ્રી બેગમાં અથવા પ્લાસ્ટિકની બેગ રાખેલી હોય તેવી ટોપલીમાં રાખો. હલાવશો નહીં.
- બિમાર વ્યક્તિનાં કપડા અને લિનનને અન્ય કપડાઓ સાથે ધોઇ શકાય છે.
- રેગ્યુલર ધોવાનાં સાબુનો ઉપયોગ કરો અને તમારા વૉશિંગ મશિનને સેનિટાઇઝ કે ગરમ કરવા માટે સેટ કરો. કપડા સારી રીતે સૂકવવા જોઇએ.
- તમારા ગ્લોવ્ઝ દૂર કરો, તમારા હાથ ધુઓ અને તમારું માસ્ક દૂર કરો અને ફરીથી તમારા હાથ ધુઓ.
- જો લોન્ડ્રી કન્ટેઇનર બિમાર વ્યક્તિનાં મેલા કપડાઓનાં સીધા સંપર્કમાં આવે છે, તો તેને મંદ બ્લીચ દ્રાવણથી ડિસઇન્ફેક્ટ કરો.

## ઘરમાં અન્ય લોકોમાં કોવિડ-19 ફેલાવાનું જોખમ હું કેવી રીતે ઘટાડી શકું છું**?**

- દિવસમાં ઓછામાં ઓછી બે વખત, અથવા જરૂરીયાત પ્રમાણે વધારે માત્રામાં ઉચ્ચ સ્પર્શ ક્ષેત્રો સાફ કરો અને ડિસઇન્ફેક્ટ કરો (દા.ત. ટોઇલેટ, ફોસેટ્સ, સિંક્સ, કાઉન્ટરટ્રોપ્સ, ટેબલ, લાઇટ સ્વિચ, દરવાજાનાં હેન્ડલ, ઇલેક્ટ્રોનિક્સ, રીમોટ કન્ટ્રોલ, વગેરે).
- સફાઇ અને ડિસઇન્ફેક્ટ કરતી વખતે, આ સુનિશ્ચિત કરો:
  - ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝ પહેરો.
  - ક્ષેત્ર અથવા વસ્તુ જો મેલી હોય તો **સાબુ અને પાણીથી** સાફ કરો. **ત્યારબાદ, ઘરગથ્થું ડિસઇન્ફેક્ટન્ટનો ઉપયોગ કરો.**
- તમે પ્રોડક્ટ સુરક્ષિત અને અસરકારક રીતે વાપરતા હોવાનું સુનિશ્ચિત કરવા માટે લેવબ પરની સૂચનાઓનું પાલન કરવાની ખાતરી કરો. ઘણી પ્રોડક્ટ્સ જંતુઓનો નાશ કરવા માટે ઘણા ઉત્પાદનો કેટલીક મિનીટ સુધી સપાટીને ભીની રાખવાની ભલામણ કરે છે. ગ્લોવ્ઝ પહેરવા, જગ્યા સારી હવાઉજાસ ધરાવતી હોવાનું સુનિશ્ચિત કરવાની અને વસ્તુ અથવા સપાટીને ઉપયોગ કર્યા બાદ લૂંછી નાંખવાની અથવા વિંછળી નાંખવાની પણ ઘણા ભલામણ કરતા હોય છે.

- ડિસઇન્ફેક્ટન્ટ ઓછામાં ઓછા 70 ટકા આલ્કોહોલ ધરાવતા હોવા જોઇએ અથવા ઇપીએરજીસ્ટર્ડ ઘરગથ્થું ડિસઇન્ફેક્ટન્ટ તરીકે વર્ગીકૃત થયેલા હોવા જોઇએ. એક લીટર પાણીમાં 20 મિલી (ચાર ચમચી) બ્લીચ મિશ્ર કરીને તમે તમારું પોતાનું ડિસઇન્ફેક્ટન્ટ બનાવી શકો છો. ડિસઇન્ફેક્ટન્ટ એક મિનીટ સુધી સપાટી પર રહેવું જોઇએ.

- પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછી 15 સેકન્ડ સુધી સાબુ અને હુંફાળા પાણીથી તમારા હાથ ધુઓ અથવા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરો.

· લિડ નીચે કરીને ટોઇલેટ ફ્લશ કરો.

· વ્યક્તિગત વસ્તુઓ શેર કરવાનું ટાળો (દા.ત. ટૂથ બ્રશ, ટુવાલ, ધોવાનાં કપડા, બેડ-લિનન, સિગરેટ, ધોયા વગરનાં ભોજનનાં વાસણો, પીણાઓ, ફોન, કમ્પ્યૂટર અથવા અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો).

· ખોરાક અથવા પીણાઓ શેર કરવાનું ટાળો.

· આબોહવાની સાનુકૂળતા અનુસાર બારી ખોલો.

## ઘરમાં કોઇ વ્યક્તિની સંભાળ લેવા માટે મારે ક્યાં પૂરવઠાઓની જરૂર પડે છે?

❑ મેડિકલ અથવા પ્રક્રિયાત્મક માસ્ક

❑ ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝ

❑ આંખનુ રક્ષણ

❑ થર્મોમીટર

❑ તાવ-ઓછો કરતી દવાઓ

❑ વહેતું પાણી

❑ હાથનો સાબુ

❑ ઓછામાં ઓછો 60 ટકા આલ્કોહોલ ધરાવતો આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝર

❑ ટિશ્યૂ

❑ પ્લ્ટાસ્ટિકની કોથળીઓ સાથેની કચરા પેટી

❑ નિયમિત ઘરગથ્તુ સફાઇ ઉત્પાદનો

❑ સ્ટોર પરથી ખરીદેલા ડિસઇન્ફેક્ટન્ટ, અથવા જો ઉપલબ્ધ ન હોય, તો બ્લીચ અને મંદ કરવા માટેનું અલગ કન્ટેઇનર

❑ આલ્કોહોલ (70 ટકા) પ્રેપ વાઇપ્સ
❑ રેગ્યુલર લોન્ડ્રી સાબુ
❑ વાસણ ધોવાનો સાબુ
❑ ડિસ્પોઝેબલ પેપર ટોવેલ

## મારા ઘર બહાર કોવિડ-19 ફેલાતો અટકાવવા હું શું કરી શકું છું?

જો તમે પરિવારનાં સભ્ય અથવા સહવાસીની સંભાળ લઇ રહ્યા હોવ, તો અન્ય લોકો સાથે સંપર્કમાં આવવાનું ટાળો. તમારા છેલ્લા જાણિતા નજીકનાં સંપર્ક પછી 14 દિવસો સુધી સેલ્ફ-આઇસોલેટ (ક્વૉરેન્ટાઇન) થાઓ અને બિમારીનાં કોઇપણ લક્ષણો માટે તમારી દેખરેખ રાખો (દા.ત. તાવ / ટાઢ, ઉધરસ, ગળાનો સોજો / ઘોઘરો અવાજ, શ્વાસ ચઢવો, સ્વાદ અથવા ગંધની ક્ષમતા ગુમાવવી, અથવા છેલ્લા 24 કલાકથી વધારે સમયથી તમને ઉલ્ટી થાય છે કે ઝાડા થાય છે, અથવા કોવિડ-19 સ્ક્રીનિંગ ટૂલ પર યાદીગત કરવામાં આવેલા અન્ય લક્ષણો). સારવાર આપીને તમારે કુલ 24 કલાક સુધી આઇસોલેટ/સેલ્-આઇસોલેટ થવાની જરૂર પડશે. જો આમ કરવું શકય નથી તો દર્દી વૈકલ્પિક આઇસોલેશનના વિકલ્પો અંગે તેમની જાહેર સ્વાસ્થ્ય નર્સ સાથે વાત કરે એનું ધ્યાન રાખો. જો તમે સંપૂર્ણ રસી લીધી છે તો તમારે આઇસોલેટ/સેલ્ફ-આઇસોલેટ થવાની જરૂર નહિ પડે, પણ તમારી જાણ મુજબના છેલ્લા સંપર્ક પછીથી 14 દિવસ સુધી તમારે કોવિડ-19ના લક્ષણોનું સ્વ-નિરીક્ષણ કરવું જોઈએ.

ડીલિવરી અથવા પિક-અપ સેવાનો ઉપયોગ કરો, અથવા અન્ય લોકો સાથે સંપર્કમાં આવવાનું ટાળવા માટે મિત્રો અથવા પરિવારનાં સભ્યોને તમારા મુખ્ય દરવાજા પર કરીયાણું અને પૂરવઠાઓ મૂકી જવા માટે પૂછો. કોવિડ-19 ધરાવતા ઘરનાં સભ્યની સંભાળ લેતા હોવ ત્યારે મુલાકાતીઓને આવવા ન દો. તમારા ઘરમાં નિયમિત રીતે આવતા હોય તેવા કોઇપણ સેવા પ્રદાતાઓને રદ્દ કરો અથવા સૂચિત કરો કે ઘરનાં સભ્ય બિમાર છે, કોવિડ-19 ધરે છે, અથવા તપાસનાં પરિણામોની રાહ જોઇ રહ્યા છો. આમાં હોમ કેર કર્મચારીઓ, વ્યાવસાયિક થેરાપિસ્ટ્સ, ફીઝિયોથેરાપિસ્ટ્સ, સામાજિક કાર્યકરો વગેરેનો સમાવેશ થાય છે. સેવા પ્રદાતાઓ આ સમય દરમિયાન શ્રેષ્ઠ રીતે કેવી રીતે સંભાળ પ્રદાન કરવી તેની ચર્ચા કરશે.

## કોવિડ-19 વિશે વધુ માહિતી માટે:

- તમારી જાહેર આરોગ્ય નર્સ સાથે વાત કરો.
- વિનિપેગમાં હેલ્થ-- લિંક્સને **204-788-8200** પર કૉલ કરો; મેનિટોબામાં અન્ય જગ્યાએ ટોલ ફ્રી **1-888-315-9257**.

**મુલાકાત લો:**

- મેનિટોબા સરકારની કોવિડ-19 વેબસાઇટ: www.gov.manitoba.ca/covid19/
- કેનેડા સરકારની કોવિડ-19 વેબસાઇટ: www.canada.ca/en/public-health/services/diseases/2019-novel-coronavirus-infection.html